ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ઓફલાઈન પરીક્ષા નિર્વિઘ્ને સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા યુનિવર્સિટીમાં ચાલતાં રેગ્યુલર તમામ કોર્સ તથા પાર્ટ ટાઈમ કોર્સના સેમેસ્ટર -૨ અને સેમેસ્ટર -૪ ની પરીક્ષાઓ નિર્વિઘ્ને પૂર્ણ થઈ ગઈ છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતાં રેગ્યુલર તમામ કોર્સ એમ.એ. ઈંગ્લિશ અને એમ.એ. સાયકોલોજી, એમ.એસસી. હોમ સાયન્સ, એમ.એસ. ડબલ્યુ. તથા એમ.ફિલ. એજ્યુકેશન તથા એમ.ફિલ. સાયકોલોજીના સેમેસ્ટર -૨ અને સેમેસ્ટર - ૪ ની પરીક્ષાઓ તારીખ ૨૦ જુલાઈ થી ૨૭ જુલાઈ દરમિયાન યોજાઈ હતી. ઉપરાંત યુનિવર્સિટીમાં ચાલતાં પાર્ટ ટાઈમ કોર્સ એમ.એ. એજ્યુકેશનના સેમેસ્ટર-૨ અને સેમેસ્ટર -૪ ની તથા પી.જી. ડિપ્લોમા ઈન સ્કૂલ કાઉન્સેલિંગના સેમેસ્ટર -૨ ની પરીક્ષાઓ તારીખ ૧૯ જુલાઈ અને ૨૬ જુલાઈ ના રોજ યોજાઈ હતી.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર શ્રી અશોક પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલાં કોવિડ-૧૯ પરિપત્રને ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા પરીક્ષા દરમિયાન દરરોજ આખી યુનિવર્સિટીને સેનિટાઈઝ કરવામાં આવતી હતી. યુનિવર્સિટીના પ્રવેશદ્વારે મૂકવામાં આવેલાં હેન્ડ સેનિટાઈઝર અને ઓટોમેટીક સેનિટાઈઝેશન ટનલનો દરેક વિદ્યાર્થી અચૂક ઉપયોગ કરે તેનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આવનાર પ્રત્યેક વિદ્યાર્થીના શરીરનું તાપમાન પણ નિયમિતપણે માપવામાં આવતું હતું. ઉપરાંત દરેક વિદ્યાર્થીઓને માસ્ક ફરજીયાત પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવા કડકપણે સૂચનાઓ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પણ યુનિવર્સિટીના દ્વારા લેવાયેલાં તકેદારીના પગલાં અંગે સંતુષ્ટ જણાતા હતાં. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લેખિત અને મૌખિક પરીક્ષામાં ભાગ લીધો હતો.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ટેલિસ્કોપથી નિઓવાઇસ ધૂમકેતુની તસવીરો લેવામાં આવી

ગાંધીનગર, તા. ૨૮

આજકાલ ખગોળપ્રેમીઓ અને વિદ્યાર્થીઓ માં નિઓવાઈસ ધૂમકેતુ માટે ખૂબ

ઉત્સુકતા જોવા મળે છે. સાંજે સૂર્યાસ્ત પછી વાયવ્ય દિશામાં ૩૦ ડીગ્રી પર આ નિઓવાઈસ જોવા મળે છે.પરંતુ છેલ્લા ૧૦ દિવસથી વાદળછાયું વાતાવરણ હોવાથી આ ધૂમકેતુ નરી આંખે દેખાતો નથી. એટલે વિજ્ઞાન રસિકોને તેના દર્શન થતા નથી.

C/2020 F3 કોમેટ જેને નિઓવાઈસ નામ આપવામાં આવ્યું છે તે નાશા ના અર્થ વાઈડ ફિલ્ડ ઈન્ફ્રારેડ સર્વે એક્સપ્લોઝર ટેલિસ્કોપ દ્વારા ૨૭ માર્ચના રોજ શોધવામાં આવ્યો હતો.૨૨ અને ૨૩ જુલાઈ આ ધૂમકેતુ પૃથ્વીની નજીક હતો. હવે તે ક્રમશ દૂર જતાં તેની તેજસ્વીતા ઓછી થતી જશે અને નરી આંખે નહીં દેખાય.ઓગસ્ટના પ્રથમ સપ્તાહ સુધી બાયનોક્યુલર જેવા સાધનોથી જોઈ શકાશે.

ગુજકોસ્ટ પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નિઓવાઈસ વિશે વિદ્યાર્થીઓ જાણકારી મેળવે તે માટે વેબીનારનું આયોજન કરેલ એટલે આ ધૂમકેતુ જોવા વિદ્યાર્થીઓ ખૂબ ઉત્સાહિત હતા પણ વાદળ છાયા વાતાવરણ ના કારણે નિરાશ થવું પડ્યું.

નિસર્ગ સાયન્સ સેન્ટરની ટીમ આ ધૂમકેતુ ને જોવા દરરોજ ટેલિસ્કોપ, બાયનોક્યુલર અને કેમેરા સાથે સજ્જ રહેતી.એકાદ અઠવાડિયાની મહેનત ને અંતે ૨૬ અને ૨૭ જુલાઈ ના રોજ આ ધૂમકેતુ જોવા મળ્યો.ડો.અનિલ પટેલ અને રુચિત પટેલ દ્વારા નિઓવાઈસ ગાંધીનગર ખાતેથી લીધેલી આ તસવીરો કાયમી સંભારણું બની રહેશે. કારણકે હવે આ ધૂમકેતુ ૬૮૦૦ વરસ પછી દેખાશે.બીજી તસ્વીર ગુરુગ્રહની છે. જેના

ચાર ચંદ્ર એટલે કે ઉપગ્રહો ખૂબ સરસ રીતે જોઈ શકાય છે.

ડાયરેક્ટ સે

મતલબ બહુ વજનદાર હોય છે સાહેબ, નીકળી ગયા પછી સંબંધ ને હલકો કરી નાખે છે...

જન્મદિને વધામણી

એન પી પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ
પ્રમુખ, કલાગુર્જરી
મે. ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮

ઉર્પલ રામભાઈ જોષી
મો. ૯૮૯૮૧ ૧૦૬૫૪

ભારતીબેન શુક્લ
મો. ૯૮૯૮૦ ૪૧૩૭૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સ્નેહા પટેલ પીએચ.ડી. થયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે અંગ્રેજી ભાષાના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા સ્નેહા પટેલ એ વર્ષ ૨૦૨૦ માં ડૉ.

હેતલ મહેતા (પ્રાધ્યાપક - સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ - ભાવનગર) ના માર્ગદર્શન હેઠળ "Exploring strategies to prepare an English language workbook for the first year engineering and management students in gujarat." વિષય અંતર્ગત મહશોધ નિબંધ લખ્યો હતો જેને મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા મંજૂરી મળતાં સ્નેહા પટેલને ડિગ્રી ઓફ ફિલોસોફી (ડોક્ટરેટ) દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શોધનિબંધ અંતર્ગત તેઓએ ગુજરાતના એન્જિનિયર તથા મેનેજમેન્ટ ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષાની અંગેની કેટલીક મહત્વની બાબતો પર છણાવટ કરી છે.

શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં જુલાઈ માસના આયોજન અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ઘરે રહીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાના બધા જ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા વૃક્ષો આપણા મિત્રો છે તથા તે આપણા જીવનમાં કેટલા ઉપયોગી છે તેની માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ મળીને વાવેલા છોડનું જતન કરવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી. પ્રકૃતિ પ્રત્યે પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ અને સુપરવાઈઝર કેતનભાઈ પટેલે વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે શાળાના મેદાનમાં પણ વૃક્ષારોપણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ ઓનલાઈન વૃક્ષારોપણમાં જોડાયા હતા. શાળાના કોરિઓગ્રાફર આશિષભાઈ વસાવાએ આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું હતું.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં TET-1,2 વિશે ઓન લાઈન એક્સપર્ટ લેક્ચર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરમાં તાલીમાર્થીઓને TET-1, 2 ની પરીક્ષા વિશે વધુ ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી તા.૨૭/૦૭/૨૦૨૦ના રોજ ઓનલાઈન એક્સપર્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે ડૉ. શીતલબેન દિક્ષિતે મહેમાનનો પરિચય આપ્યો હતો, ત્યારબાદ ઓનલાઈન એક્સપર્ટ લેક્ચર લેવા માટે ઉપસ્થિત રહેલા ડૉ.જેતલભાઈ પંચાલે પ્રાથમિક,અને ઉચ્ચ પ્રાથમિક શાળામાં શિક્ષક બનવા માટે કેટલી લાયકાત જોઈએ ? TET-1,2 ની પરીક્ષા પદ્ધતિ, પ્રશ્નપત્ર કેટલા ગુણનું હોય છે? કેટેગરી પ્રમાણે પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે મેળવવાના ગુણવિશેની માહિતી, આ પરીક્ષાનું આયોજન કોના દ્વારા થાય છે તેની માહિતી,મેરીટયાદી કઈ રીતે બને છે,જનરલ પ્રશ્નપત્ર અને વિષયનું પ્રશ્નપત્ર કેટલા ગુણનું હોય છે? TET-1, 2નો અભ્યાસક્રમ, રાઈટ ટુ એજ્યુકેશન વિગેરે વિશે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ.જિજ્ઞાસાબેન જોશીએ કર્યું હતું.

એસ.કે. પટેલ સ્કૂલમાં એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'રાખી મેકિંગ'નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ અલગ-અલગ પ્રકારની રાખડી બનવી હતી. જેમાં વાલીઓએ પણ તેમાં ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા વાલીઓનો પણ ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. સ્કૂલમાં અવારનવાર ઓનલાઈન કલાસમાં શિક્ષણની સાથે આવી એક્ટિવિટી પણ કરવામાં આવે છે. જેમાં બાળકો તથા વાલીઓનો ખુબ જ સારો સહકાર મળ્યો હતો.

શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ મહાદેવને સાયં શૃંગારમાં નવધાન્ય શૃંગાર કરવામાં આવેલ, આજરોજ ભક્તો દ્વારા ૧૧ જેટલી ધ્વજા પુજા કરવામાં આવેલ હતી. સાંજે સાયં આરતી પહેલા પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા એ પરીવાર સાથે સોમનાથ મહાદેવની મહાપુજા કરી હતી. સોમનાથ મહાદેવના દર્શનાર્થે સાંજે ૬-૩૦ સુધી દસ હજારથી વધુ ભક્તો આવેલા હતા જે પૈકી ૩,૭૪૬ ભક્તોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રથમ સોમવાર માટે કરાવેલુ હતું.

'રાઈડ ટુ નર્મદા' ૨૧ બુલેટ રાઈડર્સ કોરોનાનો ડર ભગાડવા કુદરતનો ખોળો ખૂંદી આવ્યાં!

ગાંધીનગર, તા. ૨૮

બુલેટ વર્લ્ડ ગાંધીનગર દ્વારા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે શનિવાર - રવિવાર બે દિવસ માટે ગાંધીનગરથી રાજપીપળા બુલેટ રાઈડ યોજાઈ હતી. આ બુલેટ રાઈડ બુલેટ વર્લ્ડના વનરાજસિંહ વાઘેલા

દ્વારા આયોજિત કરવામાં આવી હતી.૨૧ બુલેટ સવાર શનિવારે વહેલી સવારે બુલેટની ધડધડાટી બોલાવતા રાજપીપળા માત્ર ચાર કલાકમાં પહોંચી ગયાં હતાં. બુલેટ રાઈડ ઓર્ગેનાઈઝર યુવરાજસિંહ વાઘેલાની દેખરેખ હેઠળ ઝરવાણી ધોધ અને જુનારાજ જેવી બેઠક અનોખી સાઈટ પર કોરોનાનો ડર ભગાડવા સાહસિક પ્રવાસ કર્યો હતો.

બુલેટ રાઈડની આ સવારીમાં કોલેજીયન યુવતી રિદ્ધિ થોરાત જોડાઈ હતી અને એણે બુલેટ ચલાવી હતી, તો ૬૯ વર્ષના વિભાબહેન ઠક્કર પણ જોડાયાં હતાં. આ બુલેટ રાઈડમાં વનરાજસિંહ વાઘેલા, યુવરાજસિંહ વાઘેલા, વિજયસિંહ ચાવડા, કિશોર સિંઘ, સંજય થોરાત, રિદ્ધિ થોરાત, વિભાબહેન ઠક્કર, પ્રશાંત મેવાડા, પરેશ મેવાડા, મયુર સિંહ, રાણાજી, નઝરઅલી, નરેશ પ્રજાપતિ, કુણાલ પ્રજાપતિ, હંસરાજ, નીલેશ દેસાઈ, દેવેન્દ્રસિંહ વાઘેલા, અપુર્વ ગઝ્ઝર, પ્રિતેશ, ગુણવંત, અનિલ મેવાડા જોડાયાં હતાં.

નર્મદા નદીના ડુંગર પર આવેલી જુનરાજ કેમ્પસાઈટ એ કઠીન માર્ગને કારણે બુલેટ રાઈડર્સને વધુ ગમે છે. ત્યાં ઉબડ ખાબડ અને કિચડ વાળા માર્ગને કારણે બુલેટ સ્લીપ થવાની અને જાનના જોખમની શક્યતા રહે છે એમાં બુલેટ રાઈડના મેનેજર કિશોર સિંઘના માર્ગદર્શન હેઠળ આ રાઈડર્સ સફળતા પૂર્વક છેક ડુંગરના ટોચે હનુમાન મંદિરે પહોંચી ગયાં હતાં.

અહીં કુદરતી સૌંદર્ય અદ્ભૂત છે. શૂલપાનેશ્વર વન્યજીવન અભયારણ્યની અંદર સ્થિત, ''જુનરાજ'' એક વખત રાજપીપળાની વહીવટી રાજધાની હતી. જુનરાજ ઈકો ટૂરિઝમ સેન્ટર ઐતિહાસિક નિલકંઠેશ્વર મહાદેવ મંદિરની નજીક છે. તે આકાશદેવી અને દેવ છત્રની નજીક પણ છે, જે ગોહિલ વંશની જૂની રાજધાની હતી. જે અવશેષો હજુ પણ મળી શકે છે.

રાજપીપળાથી નજીક આવેલા કરજણ ડેમની

પણ બુલેટ રાઈડર્સ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. અહીંના વન્યજીવ અભયારણ્યની અંદર આવેલું છે જે વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના ભાગનું ઘર છે, એની મુલાકાત લીધી હતી. રાજપીપળાથી વડોદરા થઈ ૨૭૦ કિમી બુલેટ રાઈડની સવારી સાથે આ રાઈડર્સ કોરોનાનો ડર દૂર કરી રિચાર્જ થઈ પરત ગાંધીનગર આવ્યાં હતાં.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતી નિમિત્તે વંચિત-જરૂરિયાતમંદ પરિવારને કીટ વિતરણના સેવાયજ્ઞનો આરંભ

એક કીટમાં રૂ. ૨૫૦૦ની ઉત્તમ ગુણવત્તાની ૪૦ કીલો જેટલી સામગ્રી ભેટ આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૮

મહાત્મા ગાંધીએ જેમને 'રાષ્ટ્રીય શાયર'નાં ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીની ૧૨૪મી જન્મજયંતી (૨૮ ઑગસ્ટ ૨૦૨૦) નિમિત્તે આર્થિક-સામાજિક વંચિત, જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણનો સેવાયજ્ઞ ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનની પ્રેરણાથી શરૂ કરવામાં આવ્યો છે.

જરૂરિયાતમંદ વંચિત સમાજ, નિરાધાર વિધવા બહેનો, વિચરતી જાતિ સમુદાય, દિવ્યાંગ - વિકલાંગને એક કીટમાં રૂ. ૨૫૦૦ની ઉત્તમ ગુણવત્તાની ૪૦ કીલો જેટલી સામગ્રી : ઘઉ, ચોખા, તુવેરની દાળ, મગ, ચણા, મગની ફોતરાવાળી દાળ, શીંગ તેલ, ચા, ખાંડ, બેસન, મીઠું-મરચું-હળદર-ધાણાજીરુ, સાબુ, વોશિંગ પાવડર, બટેટા વગેરે આપવામાં આવે છે.

પવિત્ર શ્રાવણ માસના તહેવારો દરમિયાન આ સામગ્રી વેળાસર કામ લાગે તે આશયથી ઝવેરચંદ મેઘાણીના પુત્ર અને પિનાકી મેઘાણીના પિતા સ્વ. નાનકભાઈ મેઘાણીની છઠી પુણ્યતિથિ નિમિત્તે ચોટીલા સ્થિત ઝવેરચંદ મેઘાણીના ઐતિહાસિક જન્મસ્થળ ખાતે આ સેવાયજ્ઞનો આરંભ કરવામાં આવ્યો છે.

વાલ્મીકિ સમાજમાંથી આવતા કોરોના-વોરીયર સફાઈ કામદાર ભાઈઓ-બહેનોના પરિવારને સહુપ્રથમ આ કીટ આપવામાં આવી હતી.

આ અવસરે ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી સાથે ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના જગદીશગિરીબાપુ ગોસાઈ (ડુંગર પરિવાર), કિરીટસિંહ રહેવર (મામા), મહિપતસિંહ વાઘેલા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિતિ રહ્યા હતા.

ચોટીલા, બોટાદ, રાણપુર, ધંધુકા, રાજકોટ, અમરેલી, જૂનાગઢ જેવાં ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલાં વિવિધ સ્મૃતિ-સ્થળોએ કીટ વિતરણનો સેવાયજ્ઞ શરૂ કરાયો છે.

વધુ વિગત માટે પિનાકી મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯) અને કિરીટસિંહ રહેવર-મામા (મો. ૯૯૭૮૧૭૦૯૩૪)નો સંપર્ક કરી શકાશે.

ઝવેરચંદ મેઘાણીની કર્મ-

નિર્વાણભૂમિ બોટાદ ખાતે પણ બોટાદ જિલ્લાના સેવાભાવી અને સાહિત્ય-સંસ્કૃતિ-શિક્ષણ-પ્રેમી પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના વરદ્-હસ્તે કીટ વિતરણ સેવાયજ્ઞનો આરંભ કરાયો હતો.

કર્મભૂમિ રાણપુર સ્થિત તે વખતના ઐતિહાસિક 'સૌરાષ્ટ્ર' - 'ફૂલછાબ' પ્રેસ અને હાલની એ. ડી. શેઠ હોસ્પીટલ ખાતે કીટનું વિતરણ કરાયું હતું. અહિ જતનપૂર્વક જળવાયેલા લીંબડાની નીચે બેસીને ઝવેરચંદ મેઘાણી લેખન કાર્ય કરતા.

વાલ્મીકિ સમાજના ઢોલી વીર કાનિયા ઝાંપડાની શૌર્યભૂમિ સુદામડા (તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર) ખાતે વંશજ ચકાભાઈ, મરઘાબેન, દિપકભાઈ, રવિભાઈને કીટ ભેટ અપાઈ હતી. ઝવેરચંદ મેઘાણી કૃત લ્લસૌરાષ્ટ્રની રસધાર'ના ત્રીજા ભાગમાં 'કાનિયો ઝાંપડો' કથામાં પોતાના ગામ સુદામડાને બચાવવા જતા, પ્રાણની આહૂતિ આપનાર, વાલ્મીકિ સમાજના ઢોલી વીર કાનિયા ઝાંપડાના શૌર્ય અને સ્વાર્પણની ગૌરવગાથા આલેખાયેલી છે.

બાલ્યાવસ્થાની લીલાભૂમિ રાજકોટ – સદર સ્થિત તે સમયની ઐતિહાસિક તાલુકા શાળા અને હાલની રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા, જ્યાંથી ૧૯૦૧માં ઝવેરચંદ મેઘાણીએ શાળા શિક્ષણનો આરંભ કર્યો હતો, ખાતે પણ કીટનું વિતરણ કરાયું હતું.

પિનાકી મેઘાણી, કિરીટસિંહ રહેવર (મામા), ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ (રાણપુર) અને ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટીના ચેરમેન ગોવિંદસંગ ડાભી, રાણપુર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા, નેશનલ યુથ પ્રોજેકટના રાજેશભાઈ ભાતેલીયા (રાજકોટ), ખેડૂત આગેવાનો અનિરુધ્ધસિંહ ચાવડા (સુંદરીયાણા) - રમેશભાઈ બદ્રેશીયા (મોટી વાવડી), વાલજીભાઈ પિત્રોડા (રાજકોટ) ઉપસ્થિતિ રહ્યા હતા.